વિવિધ શાળામાં શિક્ષકદિન ઉજવાયો



## @ગાંધીનગર

● મિશન મંગલમ યોજના અંતર્ગત જન્માષ્ટમી નિમિત્તે લોકમેળો ગ્રામ હાટ અક્ષરધામ મંદિરની સામે સે-૩૦ ખાતે બપોરે ૨થી ૮ કલાકે યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા શિવરૂદ્રાભિષેક તેમ શિવમહિમ્નના પાઠ પ્રશાંતભાઈ જે. ઓઝાના નિવાસસ્થાન ૩૨, વૃંદાવન બંગ્લોઝ, કુડાસણ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

● સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતી વંદના અશ્વિનભાઈ મહેતાના નિવાસસ્થાન સે-૨૮ ખાતે રાત્રે ૯ કલાકે યોજાશે.

● બ્રહ્મ બંધુ મિત્ર મંડળ દ્વારા શિવ મહિમ્ન પાઠ ભાનુભાઈ ભટ્ટના નિવાસસ્થાન ૬૬૫/૧, પંચવટી પાર્ક સોસયટી સે-૨૩ ખાતે રાત્રે ૯ થી ૧૦ કલાક દરમિયાન યોજાશે.

● જીપીએસીની પરીક્ષામાં પરિણામ મામલે અસંતુષ્ટ ઉમેદવારોની બેઠક સાંજે ૬.૩૦ કલાકે સે-૧૭ લાઈબ્રેરી ખાતે મળશે.

- નજાહખાનમ સૈયદ

## સાદરા રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા સ્વાસ્થ્ય અને રમત-ગમત જાગરૂકતા સપ્તાહ યોજાયો

ગાંધીનગર, તા.૩

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ શારીરીક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરા ની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા તા.૨૯ ઓગસ્ટ રાષ્ટ્રીય રમત દિવસ અને હોકીના જાદુગર મેજર ધ્યાનચંદનો જન્મદિવસ નિમીત્તે સ્વાસ્થ્ય અને રમત ગમત જાગરૂકતા સપ્તાહનો આયોજન કરવામાં આવ્યું. આયોજનમાં મોતીપુર પ્રાથમિક શાળા, જ્ઞાનધારા શિક્ષણતીર્થ-સાદરા, સાદરા પ્રાથમિક શાળા-સાદરા અને રાજપુર પ્રાથમિક શાળામાં વિવિધ પ્રકારની રમતોનું આયોજન કરવામાં આવ્યું. દરેક શાળામાં ૩, ૪, ૫ ધોરણના બાળકો જુનિયર વર્ગમાં અને ૬, ૭, ૮ ધોરણના વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ માટે સાદી અને મનોરંજનાત્મક રમતો જેવી કે કોથળા દોડ, લીંબુ ચમચી દોડ, ત્રી-પગી દોડ, રીલે દોડ, બુક બેલેન્સ દોડ, બોલ ઈન ડોલ, રસ્સા-કૂદ દોડ અને સિક્કા શોધ રમતનું આયોજન કરવામાં આવ્યું સાથે સાથે વિદ્યાર્થીઓમાં સ્વાસ્થ્યની જાળવણી થાય અને બાળકો રમતો રમે તેને ધ્યાનમાં રાખી વ્યાખ્યાનનું આયોજન પણ કરવામાં આવ્યું. જેમાં અમીત સુરાણી રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયં સેવકે નેતૃત્વ કરી કાર્યક્રમનું સફળ આયોજન કર્યું જેમાં અન્ય સ્વયંસેવકોએ કઠોળ મહેનત કરી આ સપ્તાહનું આયોજન કરવામાં પોતાનું યોગદાન આપ્યું.



આ સપ્તાહ આયોજનમાં જ્ઞાનધારા શિક્ષણતીર્થ સાદરાની આચાર્યા ડૉ. સુધાબેન પટેલ, મોતીપુરા પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી શંકરભાઈ પટેલ અને સાદરા પ્રાથમિક શાળાના આચાર્યા શ્રીમતી રંજનબેન પટેલ કાર્યક્રમના આયોજન અને સંચાલનમાં મદદ કરી. કાર્યક્રમના આયોજનમાં રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજક ડૉ.અરૂણભાઈ ગાંધી અને મહાદેવ દેસાઈ શારીરીક શિક્ષણ મહાવિદ્યાલય સાદરાના સંયોજક પ્રોફેસર પ્રભુલાલ કાસુંદ્રાએ પ્રોત્સાહન અને માર્ગદર્શન આપ્યું હતુ. કાર્યક્રમના સંચાલનમાં અધ્યાપક ડૉ.ઉદાજી પરમાર, શ્રી રમેશભાઈ પટેલ (સંયોજક ગૌસંવર્ધન કેન્દ્ર, સાદરા) અને ડૉ.અરવિંદભાઈ રામીએ પોતાનું સહકાર આપી કાર્યક્રમ સફળ બનાવ્યું હતુ. આ સ્વાસ્થ્ય અને રમત-ગમત જાગરૂકતા સપ્તાહનો સંપૂર્ણ આયોજન અને સફળ સંચાલન મહાદેવ દેસાઈ શારીરીક શિક્ષણ મહાવિદ્યાલયની રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફીસર ડૉ. નીરજ સિલાવટે કર્યું હતું.

વિજેતા ખેલાડીઓને પ્રોત્સાહન સ્વરૂપે અંદાજે રૂ. ૨૦૦૦ (રૂપિયા બે હજાર)ના પેન અને ચોપડા ઈનામ તરીકે રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકોના હસ્તે આપવામાં આવ્યું હતું અને બાળક-બાળિકાઓને પોતાના જીવનમાં રોજે રમતો રમી પોતાનું સ્વાસ્થય જાળવી રાખવા માટેની પ્રતિજ્ઞા પણ લેવડાવવામાં આવી હતી.



(તસવીર : કશ્યપ નિમાવત)

ભારતના પ્રથમ શિક્ષણ મંત્રી ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મ જયંતિ નિમિત્તે સે. ૭ની પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં 'સ્વયં શિક્ષક દિન' ઉજવાયો હતો. જેમાં વિદ્યાર્થીઓએ શિક્ષક બની જુદા જુદા વિષયો ભણાવ્યા હતા. કોલેજની સેમિસ્ટર-૫ની વિદ્યાર્થીની કુ. મેઘલ ત્રિવેદીએ પ્રિન્સીપાલની ભૂમિકા ભજવી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીનીઓએ અધ્યાપક, લાયબ્રેરિયન, ક્લાર્ક, સેવક વિગેરેની ભૂમિકાઓ પણ ભજવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. સોનલ મોદીએ કોલેજના આચાર્ય ડૉ. ઉર્મિલાબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ કર્યું હતું.

## રાંધેજામાંથી બે સંતાનો સાથે માતા લાપત્તા

### ગાંધીનગર દવાખાને જવાનું કહીને નીકળી હતી : ૪ વર્ષનો દિકરો અને ૬ વર્ષની દિકરી સાથે માતાનો પણ પત્તો નથી

ગાંધીનગર, તા. ૩

રાંધેજા ગામમાં રહેતી ૨૫ વર્ષિય કૈલાશબેન પટેલ તેમના બે સંતાનો ૬ વર્ષિય દિકરી જૈમીની અને ૪ વર્ષિય દિકરો ધ્રુવને લઈને ૩૧ ઓગષ્ટે ગાંધીનગર ડૉ. વખારીયાના દવાખાને જવાનું કહીને નીકળી હતી. ચાર દિવસ થઈ ગયા બાદ પણ બે સંતાનો સાથે નીકળેલી માતાના સગડ મળ્યા નથી કે ઘરે પણ પરત પહોંચી નથી. આ બનાવ અંગે પતિ અલ્પેશ જયંતિભાઈ પટેલની જાણવા જોગ અરજી લઈ પેથાપુર પોલીસે તપાસ શરૂ કરી છે.

## રામેશ્વર મંદિરમાં આજે આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૩

મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા રામેશ્વર મંદિરમાં શ્રીમતી રીટાબેન પટેલ તરફથી તા.૪થી સપ્ટેમ્બરના રોજ બપોરે બે વાગે આનંદનો ગરબો યોજાશે. મા મેલડી આનંદ ગરબા મંડળના પ્રમુખ શ્રીમતી પ્રફુલ્લાબેન બી. ભાવસારે ભકતોને આનંદના ગરબામાં પધારવા ભાવપૂર્વક જણાવેલ છે.



(તસવીર : દિપક જાની)

આરોગ્ય તપાસ - ગાંધીનગર સ્થિત એલ.આઈ.સી. કચેરી સેક્ટર-૧૧ ખાતે યોજાઈ રહેલા વિમા સપ્તાહ અંતર્ગત મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ ક્ષેત્રના નિષ્ણાત તબીબોએ સેવાઓ આપી હતી.

## વાતવાતમાં

● નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવનમાં પણ દર વર્ષે નવરાત્રિ ઉજવાય છે. આ નવરાત્રિમાં પરફોર્મ કરવા માટે ગુજરાતના ગરબાગૃપોની પસંદગી પ્રક્રિયા આજે ટાઉનહોલ ખાતે યોજાઈ હતી. જેમાં પસંદગી પ્રક્રિયાના છ અધિકારીઓ સમક્ષ વિવિધ રાસ ગરબાની કૃતિઓ રજુ કરાઈ હતી.

● ચૌધરી કન્યા વિદ્યાલય દ્વારા મધ્ય ગુજરાત અને પાવાગઢ દર્શને કુલ ત્રણ લકઝરી બસોમાં આચાર્યાસહિત વિદ્યાર્થીનીઓ પ્રવાસે ગઈ હતી. એક સ્થળે એક લકઝરી બસને અકસ્માત નડયો હતો. સદભાગ્યે તે સમયે આ બસમાં માત્ર ડ્રાઈવર સિવાય કોઈ નહોતું. ડ્રાઈવરને ઈજાઓ થતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો અને બાકીની બે બસો તમામ વિદ્યાર્થીનીઓને લઈને પરત ફરી હતી.

● એક નગરજને ટીવી પર જાહેરાત જોઈ વૈશ્વિક નામના ધરાવતી બ્રાન્ડનો મોબાઈલ વેચવા વેબસાઈટ પર પોસ્ટ મુકી જેમાં ભૂલથી એક મીંડુ વધારે મુકાઈ જતા રૂ. ૨,૯૦,૦૦૦ની કિંમત લખાઈ જવા પામી હતી. આ વાંચી તે બ્રાન્ડની કંપનીના ડીસ્ટ્રીબ્યુટર્સ પણ હેબતાઈ ગયા અને ફોન કરી નગરજનને પુછ્યું હતું કે 'શું આપનો મોબાઈલ સોનાનો છે'?

● નગરની મોટા ભાગની બેંકમાં ઈન્ટરનેટ બેકિંગ સુવિધા વાપરવા ભલામણ કરતા બોર્ડ લગાડાયેલા છે પરંતુ આ સાથે દરેક બેંકમાં મોબાઈલ સ્વીચ ઓફ રાખવાના પાટીયા પણ ઝુલે છે. આ કેવો વિરોધાભાસ છે?

- સમીર રામી
9924446645

## ગાયત્રી પરિવારની બહેનોએ એસ.ટી. કર્મચારીઓ સાથે રક્ષાબંધન પર્વ ઉજવ્યું

ગાંધીનગર, તા.૩

દરરોજ હજારો મુસાફરોને સલામત રીતે મુસાફરી કરાવતા ગાંધીનગરના એસ.ટી.ડેપોના ડ્રાઈવર-કડંકટર ભાઈઓને ગાયત્રી પરિવારની બહેનો દ્વારા રક્ષા બાંધવામાં આવેલ હતી. આ પ્રસંગે ગાયત્રી મહામંત્ર, મૃત્યુંજય મંત્રથી પ્રાર્થના કરીને દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરવામાં આવેલ હતી. આ અભિયાનમાં કેટલાક વ્યકિતઓએ વ્યસનમુકત થવા સંકલ્પ લીધો. ડેપો મેનેજર શ્રી યોગેશભાઈ પટેલે સહયોગ આપ્યો હતો. ગાયત્રી પરિવારની ૧૮ બહેનોનું સ્વાગત કર્યું હતું. ૨૫૦ જેટલા એસ.ટી. કર્મચારીઓને રક્ષા બાંધી મોં મીઠું કરાવેલ હતું.

## આર.એન. પટેલ પ્રા. સ્કૂલમાં સ્વયં શિક્ષક દિન ઉજવાયો



ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના સે-૨૩માં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કેમ્પસમાં શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં આજે સ્વયં શિક્ષક દિવસ ઉજવવામાં આવ્યો હતો. આ ઉજવણીમાં વિદ્યાર્થીઓએ શાળાનું સંચાલન કર્યું હતું તેમજ કુલ ૪૭ શિક્ષક, ૪ કલાર્ક, ૪ સેવક અને ૧ સુપરવાઈઝર તથા પ્રિન્સીપાલની ભૂમિકા પણ વિદ્યાર્થીઓએ ભજવી હતી.

આ કાર્યક્રમમાં ધોરણ ૮-બીના ઝીલ સુતરીયાની શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી કરાઈ હતી. આ પ્રસંગે ધો-૮-બી ની કિન્નરી ચૌધરીએ આચાર્યાની ભૂમિકા સુપેરે નિભાવી હતી. આ પ્રસંગે શાળાના આચાર્યા દશરથભાઈ પટેલે બાળકોને શિક્ષણના મહત્વના બે ધ્રુવો એવા શિક્ષક અને વિદ્યાર્થીઓના મહત્વ સાથે 'વિદ્યાર્થી દિન' અને 'શાળા દિન' વિશે માહિતગાર કર્યા હતા. બાળકોની કામગીરી નિહાળી તમામ કર્મચારીગણ પણ આફરિન પોકારી ગયો હતો.

## જમીયતપુરા કેનાલમાંથી સોલાના લાપત્તા યુવાનનો મૃતદેહ મળ્યો

### બે દિવસથી લાપત્તા યુવાને કેનાલમાં છલાંગ લગાવી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર નજીકના જમીયતપુરા કેનાલમાંથી આજે સવારના અરસામાં ૨૫ વર્ષિય યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતાં બે દિવસથી સોલાનો યુવાન ગાયબ હતો તે યુવાનનો મૃતદેહ હોવાનું ખુલ્યુ હતુ. અડાલજ પોલીસે મૃતદેહ પીએમ કરાવી મૃતદેહ પરિવારજનોને સોંપીને ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

અમદાવાદ સોલા ખાતે એક ફ્લેટમાં રહેતા ૨૫ વર્ષિય સંજય ગેમરભાઈ રબારી પોતાના ઘરેથી ૧ સપ્ટેમ્બરથી લાપત્તા હતો. સંજયની શોધખોળ તેના પરિવારજનો કરી રહ્યા હતા. દરમ્યાન આજે સવારે ૯ વાગ્યાના અરસામાં જમીયતપુરા નર્મદા કેનાલ રેલવે બ્રીજ પાસેથી પાણીમાંથી તેનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. અડાલજ પોલીસમથકમાં જમાદાર મુળજીભાઈએ ઘટનાસ્થળે પહોંચીને મૃતદેહ બહાર કઢાવી ગાંધીનગર સિવિલ હોસ્પિટલે પી.એમ. કરાવ્યું હતું. મૃતદેહ પરિવારજનોને સોંપી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને અડાલજ પોલીસે આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

## સેકટર-૧૪માં અમાસના દિવસે આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૩

પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ગુરૂ બ્રાહ્મણ સમાજ મહિલા પાંખ દ્વારા શિવ મહિમ્ન સ્તોત્ર શ્રી ગીરીશભાઈ પંડયાના નિવાસસ્થાને પ્લોટ નં. ૨૦૧/૨, સે-૧૪માં સવારે નવ વાગે દરરોજ યોજાય છે. અમાસના દિવસે શકિત મંડળ તરફથી આનંદનો ગરબો અંબાજી મંદિર સેકટર-૧૪ ખાતે સવારે ૧૦ વાગે ગાવામાં આવશે.

## પેથાપુરમાં ભવ્ય ભજનનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૩

પેથાપુર ગામમાં આવેલ રામજી મંદિરમાં શ્રાવણ માસમાં ભવ્ય ભજનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાત્રે નવ વાગ્યાથી ભજનનો કાર્યક્રમ શરૂ થયો હતો. રામજી મંદિરના મહંતશ્રી ડાહ્યાભાઈ પ્રજાપતિ, શ્રી હિંમતભાઈ પ્રજાપતિ, મનુભાઈ શર્મા, નાગરભાઈ દરજી તથા ભકતજનોએ મહેનત લઈ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. હિંડોળાની ભવ્ય સજાવટ કરેલ હતી.

## છત્રાલ હાઈવે પરથી દારૂ-બિયર ભરેલી ટ્રક પકડાઈ : રૂ. ૧૮.૧૭ લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા.૩

જિલ્લાના કલોલ તાલુકાના છત્રાલ હાઈવે પરથી અડધી રાત્રે કલોલ પોલીસે વોચ ગોઠવીને દારૂ-બિયરનો જથ્થો ભરેલી ટ્રક પકડી પાડી હતી. રૂ. ૧૦.૧૭ લાખનો દારૂ-બિયર હરીયાણાથી ગુજરાતમાં ઠાલવવા હેરાફેરી કરી રહેલો ગાંધીનગર શહેરનો સે-૧૪નો શખ્સ પોલીસના હાથે ઝડપાઈ ગયો છે. પોલીસે રૂ. ૧૮.૧૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

કલોલ તાલુકા પોલીસને બાતમી મળી હતી કે છત્રાલ હાઈવે પરથી રાત્રે આર.જે. ૧૯ જી.એ. ૪૦૪૦ નંબરની ટ્રકમાં દારૂ-બિયર ની હેરાફેરી થવાની છે. હરીયાણાથી ગુજરાતમાં લવાઈ રહેલા દારૂ-બિયરના જથ્થાને કલોલ તાલુકા પોલીસે છત્રાલ હાઈવે પરની અનિલ હોટલ પાસેથી પકડી પાડયો છે. મુળ હરીયાણાનો અને હાલ સે-૧૪ પ્લોટ નં. ૯૯/૯ ખાતે રહેતા ગાંધીનગરના રાજુકમાર સંતલાલ ચૌધરીને પકડીને ટ્રકમાં તપાસ કરતાં અંદરથી ૧૬૭૯૬ બોટલ દારૂની અને ૭૨ પેટી બિયરના ટીન મળીને રૂ. ૧૦,૧૭,૬૦૦નો દારૂ-બિયર મળી આવ્યો હતો. રૂ. ૮ લાખની ટ્રક તથા દારૂ-બિયર મળીને કલોલ તાલુકા પોલીસે રૂ. ૧૮,૧૭,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી રાજકુમાર ચૌધરીની ધરપકડ કરી ઝીણવટભરી પુછતાછ શરુ કરી છે.

## દિલ્હી પબ્લિક સ્કુલ ગાંધીનગર દ્વારા સંસ્કૃત સપ્તાહનું આયોજન



સંસ્કૃત સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ડી.પી.એસ. ગાંધીનગર સ્કૂલમાં સંસ્કૃત પ્રદર્શનીનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલ સંસ્કૃત, સાપ્તાહિક, સંસ્કૃત કોમિકસ, સંસ્કૃત વર્તમાનપત્ર, સંસ્કૃત વાર્તાઓ, સંસ્કૃત કિવઝ, સંસ્કૃત ગેમ, સંસ્કૃત (લાઈવ મોડેલ્સ), ચાર્ટ, ગીત અને સંસ્કૃત સભાનું આયોજન કરવામાં આવેલ છે.

## કલોલમાં સિદ્ધેશ્વર મહાદેવમાં સવા લાખ બિલીપત્રનો અભિષેક

કલોલમાં સિદ્ધેશ્વર મહાદેવ તેજાનંદધામ ખાતે નિત્ય સવારે શિવ મહિમ્નસ્તોત્ર, બિલ્વાષ્ટકસ્તોત્ર, બિલીપત્રનો અભિષેક, આરતી, બરફના શિવલીંગનો લાભ મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ લે છે. અમાસના દિવસે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે.

# શ્રાવણીયો જુગાર પણ મંદીની લપેટમાં

### દરેક વ્યવસાયમાં આવેલી મંદીએ કુટેવને કબ્જે કરી, છાનો-છપનો પણ ઓછો રમાતો જુગાર

ગાંધીનગર, તા.૩

શ્રાવણ માસની આતુરતાપૂર્વક રાહ જોતાં જુગાર શોખીનો માટે આ વર્ષ અપશુકનીયાળ બન્યું છે. જુગારના સ્થળ, ટેબલ અને જુગારીયાઓની સંખ્યામાં થયેલા નોંધપાત્ર ઘટાડાએ જુગારને પણ મંદીની ઝપેટમાં લઈ લીધો છે. જો કે ફકત શોખ ખાતર અંદરો અંદર છાનો છપનો જુગાર રમાઈ રહ્યો હોવાની ચર્ચા વચ્ચે નાણાંકીય અછત મજબૂત પાસા તરીકે ઉભરી આવ્યું છે. ચો તરફની મંદીએ જુગાર રમતા લોકોની આ કુટેવને કબ્જે કરી તેઓને જુગારથી અળગા કરવામાં સફળ રહેતા પરિવારજનો તે રીતે પણ મંદીનો આભાર માની રહ્યા છે.

જન્માષ્ટમી નજીક છે ત્યારે જુગાર રમવાની પ્રવૃત્તિ તેની પરાકાષ્ઠાએ પહોંચી છે પરંતુ જુગારીયાઓની વાત માનીએ તો ચાલુ વર્ષે જુગારમાં ભયંકર મંદીનો ઓછાયો હોવાનું જણાવી રહ્યા છે. જો કે તમામ પરિબળને ધ્યાને લેતા નાણાંકીય અછત સમગ્ર અર્થતંત્રમાં જોવા મળી રહી છે જેથી હાલ રમાતો જુગાર કસ વગરનો બન્યો છે. સોના-ચાંદીના ગગડેલા ભાવ, ખેતીમાં નુકસાન, ધંધામાં ઘરાકીનો અભાવ, મિલ્કત લે વેચમાં પણ મંદી આમ જે તરફથી વધારાની આવકની શકયતા તેમજ નફાની આશા છે તે



મંદીના સપાટામાં ફસાઈ ગયું છે જેથી નાણાંકીય અછત ઉભી થઈ છે.

વળી જુગાર રમવા કોઈ પણ જોડે ઉછીના પાછીના કે વ્યાજે નાણાં મેળવી શકાતા નથી અને દેવું કરવું પોષાય તેમ નથી જેથી તમામ પાસાઓને ધ્યાને લેતા જુગાર રમતા લોકોની સંખ્યામાં ભારે ઘટાડો જોવા મળી રહ્યો છે. મોટા મોટા ટેબલ બનાવી રમાતી તીન પત્તીની આ રમતે અનેક ઘર બરબાદ કરી નાખ્યાના દાખલા સમાજમાં મોજુદ છે ત્યારે વાળ્યા વળે નહીં ને હાર્યા વળે તે કહેવત અનુસાર જુગારીઓ માટે હાલનો શોખ પોષવો એ આત્મઘાતી પુરવાર થાય તેવું બન્યું છે. જો કે જુગારને ફકત શ્રાવણ માસ કે જન્માષ્ટમીને ધ્યાને રાખી અંદરો અંદર રમવાનો શોખ અનેક ઠેકાણે અકબંધ છે જેમાં સમય મર્યાદા રખાયેલી છે જયારે હાર જીતની બાજી માંડીને બેસેલા જુગારી રાત દિવસ જોયા વગર ફકત જુગાર જ રમી જાણે છે તેમની કારમી મંદીએ કુટેવ કબ્જે કરી લીધી છે. હાલમાં થઈ રહેલી ચર્ચા મુજબ જુગારીઓએ જુગાર છોડી ફકત મોબાઈલમાં રમાતી તીનપત્તી રમી સંતોષ વ્યકત કરી લીધો છે. જો કે શ્રીમંત નબીરાઓએ કલબો, ફાર્મ હાઉસ અને કોઈ ખાનગી સ્થળોએ જુગાર રમીને પણ શ્રાવણ માસ જુગાર રમ્યા વગર કોરો ન જાય તેવું સલામત આયોજન કરી નાંખ્યું હોય તેવું લાગી રહ્યું છે.

## નગરના આંતરિક માર્ગ પર અકસ્માતોની સંખ્યામાં વધારો

ગાંધીનગર તા.૩

નગરમાં વાહનોની સંખ્યામાં વધારો થવા પામ્યો છે.પરિણામે અકસ્માતના આંકડામાં પણ નોંધપાત્ર વધારો થયો છે. શહેરના પહોળા અને ચકાચક માર્ગો પર બેફામ વાહનો હંકારતા અકસ્માત થતાં હતા.હવે તો સેકટરના આંતરીક માર્ગો પર વાહનો અથડાવાના બનાવ વધી ગયા છે. ચ માર્ગ પરથી સેકટર ૧૧માં પ્રવેશીને એલ.આઈ.સી. તરફનો વાહન વ્યવહાર વધુ હોવાથી નાના મોટા અકસ્માતો વધ્યા છે.

ગાંધીનગર શહેરના અન્ય માર્ગો કરતા ઘ અને ચ રોડ પર સૌથી વધુ વાહન વ્યવહાર હોય છે. ચ રોડ પર સચિવાલય,વિધાનસભા હોવાથી કર્મચારીઓ સહિત મોટાભાગનો વાહન વ્યવહાર બંન્ને રોડ પર વધુ હોય છે. સ્વર્ણીમ પાર્ક બનતા ઘ-૪ થી ચ-૪ વિધાનસભા તરફનો માર્ગ બંધ થઈ ગયો છે. ઘ રોડ પરથી ચ તરફ જવા માટે ઉધોગભવન પાસેથી ડાયવર્ટ કરી અખબાર ભવન થઈ ચ-રોડને મળે છે. આ વિસ્તારમાં વાણીજય કોમ્પલેક્ષો, બી.એસ.એન.એલ.ની ઓફીસ,ઉધોગભવન,બેંક ઓફ બરોડા આવેલી હોવાથી મોટાભાગના શહેરીજનો આ માર્ગનો ઉપયોગ કરે છે.અખબાર બવન પાસે ચાર રસ્તા હોવા છતાં કોઈ પણ વાહન ચાલકો વાહન ધીમે ન હંકારતા રોજ બરોજ નાના અકસ્માત સર્જાતા રહે છે.પરિણામે વાહન અને ચાલકોને નાનીમોટી ઈજાઓ પહોંચે છે.